# સુરતથી છેક વાપી સુધી IPLમાં રૂ.1000 કરોડનો સટ્ટાનો ખેલ

**સુરત** સટ્ટાનું એપી સેન્ટરઃ હરિયા-અજયના નેટવર્કમાં ‘પોલીસ દાદા’ની છત્રછાયા?

**કાનો,** મહારાજ, સાલુ, ગજુ, મનોજ અને બંટી નામના બુકીઓને પોલીસના રાજમાં લીલા લહેર

### કાનો અને મહારાજ બન્યા કુબેરપતિ!

IPLના સટ્ટામાં એક-એક મેચમાં બુકીઓ 20થી 60 કરોડ રૂપિયા સુધીની કમાણી કરી રહ્યા છે. આ કાળાં નાણાંના જોરે કાનો અને મહારાજ જેવા સામાન્ય શખ્સો રાતોરાત કરોડપતિ બની ગયા છે. સંપત્તિનો નશો એટલો ચડ્યો છે કે મનોજ અને ગજુ જેવા લોકો હવે કોઈને ગણકારતા પણ નથી. મધ્યમ વર્ગના યુવાનો બરબાદ થઈ રહ્યા છે, ત્યારે આ સટોડિયાઓ વિદેશી પ્રવાસો અને લક્ઝરી લાઈફ સ્ટાઈલમાં આળોટી રહ્યા છે. સુરતમાં સટ્ટાના ગ્રાહકોની સંખ્યા દિન-પ્રતિદિન વધી રહી છે, જેમાં નાના પાનગલ્લાથી લઈને મોટા શો-રૂમ ધરાવતા વેપારીઓ પણ સપડાયા હોવાની વિગતો છે.

સુરતઃ ક્રિકેટના મહાકુંભ IPLની શરૂઆત સાથે જ ડાયમંડ સિટી સુરત હવે સટ્ટા બજારનું નેશનલ હબ બની ગયું છે.

સુરતથી વાપી સુધીના પટ્ટામાં અંદાજે 1000 કરોડથી વધુનો સટ્ટો રમાઈ રહ્યો હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી રહી છે. હરિયો અને અજય નામના મુખ્ય સૂત્રધારોએ આ આખા ખેલનું પ્લાનિંગ મેચ શરૂ થવાના દસ દિવસ પહેલાં જ કરી લીધું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર દારૂના ધંધા કરતા સટ્ટામાં 100 ગણી આવક હોવાથી અનેક માથાભારે તત્ત્વો આ કાળા કારોબારમાં કૂદી પડ્યાં છે. આ નેટવર્ક એટલું મજબૂત છે કે સુરત અને આસપાસના વિસ્તારોમાં 30 હજારથી વધુ સુપર અને સ્મોલ આઈડી વેચાઈ ચૂક્યા છે. પોલીસની પકડથી બચવા માટે મુખ્ય બુકીઓ કાનો, મહારાજ, સાલુ, ગજુ, મનોજ અને બંટીએ ગોવામાં ધામા નાંખ્યા છે અને ત્યાંથી જ ઓપરેટ કરી રહ્યા છે. આ ખેલમાં હરિયાએ કોને કેટલો હિસ્સો આપવો તેની વહેંચણી અગાઉથી જ કરી લીધી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

# રોકાણકારો, ટર્નઓવરમાં વૃદ્ધિની દૃષ્ટિએ સુરત દેશભરમાં પ્રથમ

**સુરતમાં** સક્રિય રોકાણકારોમાં 11 ગણો ઉછાળો, નાણાકીય વર્ષ દરમિયાન 7.6 લાખ સુધી રોકાણનો આંકડો પારઃ NSE

### મ્યુ. ફંડમાં જ સુરતનું રોકાણ 50,000 કરોડથી વધુઃ ઐયુબ યાકુબઅલી

ચેમ્બરની કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના ચેરમેન અયુબ યાકુબઅલીએ જણાવ્યું હતું કે, ટ્રેડિંગ એકાઉન્ટ સુરતમાં વધુ છે અને રિટેલ ઇન્વેસ્ટરમાં સુરત નંબર વન પોઝિશન પર છે. માત્ર મ્યુચ્યુઅલ ફંડમાં જ સુરતનું રોકાણ 50,000 કરોડથી વધુ છે. 2019માં દેશમાં 1.25 કરોડ ડિમેટ એકાઉન્ટ હતાં. કોરોનાને લીધે આ સંખ્યા 2020માં વધીને 2.50 કરોડ રહી હતી. જે 2023/24માં 8થી 9 કરોડ ખાતાં થયાં. સુરતમાં SIP રોકાણ ખૂબ વધ્યું છે. સુરતની કપનીઓએ રોકાણકારોને સારું રિટર્ન આપ્યું છે. એની માઉથ ટુ માઉથ પબ્લિસિટીને લીધે પણ લોકોએ FD તોડી, ઊંચા નફા સાથે ગોલ્ડ વેચી મ્યુચ્યુઅલ ફંડ અને ડાઉન સ્ટોક માર્કેટમાં ઇન્વેસ્ટમેન્ટ કર્યું છે. એના લીધે પણ રોકાણ વધુ જણાય છે.

સુરતઃ નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE)ના તાજેતરના અહેવાલ મુજબ સક્રિય ઈક્વિટી રોકાણકારો તેમજ તેમના ટર્નઓવરમાં વૃદ્ધિની દૃષ્ટિએ સુરતે દેશભરમાં ટોચનું સ્થાન મેળવ્યું છે. સુરત પછી અમદાવાદ એની નજીક જણાય છે, સુરતે સ્ટોક ટ્રેડિંગ પ્રવૃત્તિમાં સૌથી ઝડપી વૃદ્ધિ નોંધાવી છે, નાણાકીય વર્ષ-2026માં ટર્નઓવર રૂ.3.3 લાખ કરોડને વટાવી ગયું છે. સુરતમાં સક્રિય રોકાણકારોમાં 11 ગણો ઉછાળો જોવા મળ્યો છે, જે નાણાકીય વર્ષ દરમિયાન 7.6 લાખ સુધી પહોંચ્યો છે. અમદાવાદ સક્રિય રોકાણકારોની સંખ્યામાં બીજા ક્રમે અને મુંબઈ સબર્બન અને બેંગ્લુરુ પછી એકંદરે રિટેલ ટ્રેડિંગ ટર્ન ઓવરમાં ત્રીજા ક્રમે રહ્યું છે. આ અહેવાલમાં છેલ્લા દાયકામાં ગુજરાતના રિટેલ રોકાણકારોના આધારમાં નોંધપાત્ર વિસ્તરણ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

નાણાકીય વર્ષ-2016ના અંતે 6.1 લાખથી વધીને નાણાકીય વર્ષ-2026 સુધીમાં 46.1 લાખ થઈ ગઈ છે. આ જ સમયગાળા દરમિયાન, ઈક્વિટી ટર્ન ઓવર લગભગ છ ગણું વધ્યું. જે રૂ.3.5 લાખ કરોડથી વધીને રૂ.18.5 લાખ કરોડ થયું છે.

# ખ્યાતિએ ફાંસો જ ખાધો હોવાનું PMમાં આવ્યું

સુરતઃ મૃતક ખ્યાતિના મૃતદેહનું બુધવારે સવારે નવી સિવિલ હોસ્પિટલમાં ફોરેન્સિક વિભાગના ડોક્ટર પી.એન પટેલ અને ડોક્ટર સ્વપ્રંત સૌરવએ પેનલ પોસ્ટમોર્ટમ કર્યું હતું. જેમાં ફાંસો ખાવાના કારણે ખ્યાતિનું મોત થઈ હોવાનું પ્રાથમિક જાણવા મળ્યું હતું. છતાં વિસેરાના સેમ્પલ ઉપર મોકલવામાં આવ્યા છે.

### ખ્યાતિના સસરા પર હવાલામાં દરોડા પડ્યા હતા

ખ્યાતિના સસરા અશોકકુમાર પોલિટિકલ લેવલમાં ખૂબ જ મોટું નામ ધરાવે છે. હાલમાં વિદેશમાં ચાલેલા અંદાજે 2 હજાર કરોડના હવાલાકાંડમાં તેઓનું નામ ઉછળ્યું હતું. તેમજ અભિષેકના લગ્નના પંદેરક દિવસ પહેલા તેમના ત્યાં રેઇડ પણ પડી હતી. હાલમાં ખ્યાતિએ પારિવારિક તણાવમાં પગલું ભર્યું હોવાની શક્યતા સૂત્રોએ વ્યક્ત કરી હતી. જોકે તેમના બંગલામાં ચાર લોકો માટે અંદાજે સાત જેટલા નોકર કામ કરે છે. તેઓ આર્થિક રીતે ખૂબ જ મજબૂત છે અને પરિવારમાં ખૂબ જ એકતા અને સુખશાંતિ પણ છે. તેમ છતાં ખ્યાતિએ ક્યાં કારણસર આપઘાત કર્યું છે. જેની કોઈ પાસે ચોક્કસ માહિતી નથી.

### પુત્રીના મૃતદેહને જોઈને પિતા બેભાન થઈ ગયા


સૂત્રોએ જણાવ્યું કે, પુત્રી ખ્યાતિના મૃતદેહને જોઈને પિતા દીપકભાઈ બેભાન થઈ ગયા હતા. જેથી તેઓના બંગલા પર ડોક્ટરની ટીમ સાથે 108 એમ્બ્યુલન્સને પણ બોલાવી દેવામાં આવી હતી. જોકે ડોક્ટરે ઘરે જ પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેઓને હોશ આવ્યો હતો. જેથી એમ્બ્યુલન્સ દર્દીને લીધા વગર જ પરત ફરી હતી.

# વાહન ચલાવવા મુદ્દે RTO ઈન્સ્પેક્ટરના ભાઈની દાદાગીરી

**જહાંગીરપુરામાં** યુવકનું ગળું દબાવી સોનાની ચેઈન તોડી નાખી

સુરતઃ શહેરના જહાંગીરપુરા વિસ્તારમાં રસ્તામાં વાહન ચલાવવા જેવી સામાન્ય બાબતે એક શખ્સે પોતે આરટીઓ ઈન્સ્પેક્ટર હોવાનો રોફ જમાવી એક યુવક સાથે મારપીટ કરી હોવાની ઘટના સામે આવી છે. જહાંગીરપુરા પોલીસે આ મામલે ગુનો નકલી આરટીઓ ઈન્સ્પેક્ટરની ધરપકડ કરી છે. .

પાલનપુર ગામના અંબાલી ફળિયામાં રહેતા ૨૨ વર્ષીય તિલક વિમલભાઈ પટેલ ગત સોમવારે રાત્રે પોતાની ઓમની વાન લઈને જહાંગીરપુરા એસએમસી કોમ્યુનિટી હોલ તરફ જઈ રહ્યા હતા. ઉગત કેનાલ રોડથી રેડિયન્ટ ચાર રસ્તા પાસે જ્યારે તેઓ જમણી બાજુ ટર્ન લઈ રહ્યા હતા, ત્યારે પાછળથી સ્પ્લેન્ડર બાઈક પર આવેલા એક શખ્સે તેમને ગાળો આપવાનું શરૂ કર્યું હતું. બાઈક સવાર પૃથ્વીરાજસિંહ ડોડીયાએ ઉશ્કેરાઈને કહ્યું હતું કે, હું આરટીઓ ઈન્સ્પેક્ટર છું. આરોપીએ તિલકના વાહનના ફોટા પાડવાનું શરૂ કરતાં તિલકે તેનો વિડીયો બનાવવાનો પ્રયાસ કર્યો હતો. પૃથ્વીરાજસિંહે તિલકનો મોબાઈલ ફેંકી દીધો અને તેમનો કોલર પકડી ગળું દબાવવાનો પ્રયાસ કર્યો હતો. આ હિંસક ઝપાઝપીમાં તિલકની સોનાની ચેઈન અને ચશ્મા તૂટી ગયા હતા. તે જ સમયે પોલીસની પીસીઆર વાન ત્યાં આવી પહોંચતા મામલો થાળે પડ્યો હતો. તિલક પટેલની ફરિયાદના આધારે જહાંગીરપુરા પોલીસે આરોપી પૃથ્વીરાજસિંહ ડોડીયા વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી. પૃથ્વીરાજસિંહની પૂછપરછ કરતાં તેનો મોટો ભાઈ આરટીઓ ઈન્સ્પેક્ટર હોવાનું બહાર આવ્યું છે.




### કરોડો રૂપિયાનું ફુલેકુ ફેરવનાર કાપડ વેપારીને ચેક રિટર્નનાં પાંચ કેસમાં સજા

સુરતઃ કરોડો રૂપિયાનું ફુલેકુ ફેરવનાર અહેદ સિલ્ક મિલ્સ અને તાજ પ્રોસેસના નામે ધંધો કરનાર સરફરાઝ અલમને ચેક રિટર્નના પાંચ કેસમાં ૧-૧ વર્ષની કેદની સજા કોર્ટે ફટકારી હતી. કાપડ વેપારી પિયુષ બારડોલીવાલા પાસેથી સરફરાઝ અલમ (લક્ષ્મીનારાયણ ઈન્ડ.પાર્ક, , ઉધના)એ રૂ.૬૪,૨૬,૭૨૬ની કિમંતનો માલ ખરીદ્યો હતો. પેમેન્ટ પેટે સરફરાઝે આપેલા રૂ.૫૫,૩૧,૯૯૬ના ચેકો રિટર્ન થતાં ફરિયાદી પિયુષે એડવોકેટ નિમેષ દલાલ મારફતે કોર્ટમાં પાંચ ફરિયાદ કરી હતી. આ તમામ કેસની સુનાવણી પૂર્ણ થયાં બાદ કોર્ટે આરોપીને તમામ કેસમાં તકસીરવાર ઠરાવી ૧-૧ વર્ષની કેદની સજા અને ચેકોની રકમ વ્યાજ સાથે ૩૦ દિવસમાં ચૂકવવા હુકમ કર્યો હતો.

**વિરક્ષેત્ર પાસે આણું વાળી પરત ફરતા પ્રસંગ માતમમાં ફેરવાયો**

# કપરાડા નજીક ટેમ્પો પલટી જતાં આઠનાં મોત

**30 થી** વધુ ઇજાગ્રસ્ત, ગિરનારા સીએચસી ખાતે એક સાથે દર્દીઓ પહોચતા અફરાતફરી

### ગિરનારા ગામના પાંચના મોત નીપજ્યા

સમગ્ર ઘટનામાં ગિરનારા ગામના 5નાં મોત થયા છે. જ્યારે વિરક્ષત્ર ગામના બેના મોત થયાં છે. ગિરનારા ગામમાં લગ્નની સિઝનમાં પણ એવી સ્થિતિ સર્જાઈ હતી કે કોણ કોને સાંત્વના આપે.

વલસાડ : કપરાડા તાલુકાના અંતરિયાળ વિરક્ષેત્ર નજીક બુધવારે અત્યંત કરુણ ઘટના બની હતી.

ગિરનારા ગામનો એક પરિવાર સબંધીઓ સાથે આણું વાળવા ગયા હતા તે દરમિયાન ભર બપોરે પિકઅપ ટેમ્પો પલટતા બાળકો, મહિલાઓની ચિચિયારીઓથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. જે દીકરીના લગ્ન થયા હતા તેના પિતા રાજારામભાઈ એસ રાઉતનું પણ મૃત્યુ નીપજ્યું હોય પરિવારમાં આભ ફાટ્યું છે. અકસ્માત એટલો ગંભીર હતો કે ગંભીર ઈજાને લઇ ઘટના સ્થળે 3 લોકોના અને 3 લોકોના સારવાર દરમિયાન મોત નીપજ્યા હતા. જ્યારે 2 ઈજાગ્રસ્તોનું વલસાડ સિવિલમાં મોડી સાંજે મોત થયા હતા. 25થી વધુ ઈજાગ્રસ્તોને દવાખાનાઓમાં સારવાર માટે લઈ જવાયા હતા. સુથારપાડા, ગિરનારા સીએચસી ખાતે એકીસાથે ઈજાગ્રસ્તો પહોચતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઓછા સ્ટાફે પણ ઈજાગ્રસ્તોની તાત્કાલિક સારવાર શરૂ કરાઈ હતી.

### મૃતકોની યાદી

મીતાબેન કડુ (ઉ.વ.6)
હાર્દિક સંજય કડુ (ઉ.7)
પુષ્પા મનુ કડુ (ઉ.52)
દાનજી એ કડુ (ઉ. 68)
રાજારામ શિવરામ કડુ
ઋત્વિક આર ખુરકુટે (ઉ.11)
કીર્તિબેન આર ખુરકુ (ઉ. 14)
સેનટી વિઠ્ઠલ કડુ (ઉ. 60)

# ATM ક્લોનિંગથી લાખોની હેરાફેરી, ગેંગના 3 ઝડપાયા

**બોગસ** ઉદ્યમ સર્ટિ.ના આધારે POS મશીન મેળવી તેનો ઉપયોગ સાયબર ફ્રોડમાં થતો

### બોગસ દસ્તાવેજોથી બેંક સાથે છેતરપિંડી

આ ગુનામાં મુખ્ય ભૂમિકા ભજવનાર ૧૯ વર્ષીય મંથન સુરેશભાઈ કુકડિયા (રહે., મોટા વરાછા) એ ‘સિદ્ધિ વિનાયક નોવેલ્ટી’ ફર્મના નામે બનાવટી ઉદ્યમ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ બનાવ્યું હતું. તેણે દુકાનના ખોટા ફોટા બતાવી એક્સિસ બેંકમાંથી POS મશીન મેળવ્યું હતું. આ મશીન તેણે અન્ય આરોપી ઉદય ધડુકને આપ્યું હતું. મંથનના યુનિયન બેંકના ખાતામાં માત્ર ૬ દિવસમાં જ સાયબર ફ્રોડના રૂ. ૨,૨૧,૩૪૫ જમા થયા હતા, જે બદલ તેણે ૨૦ હજાર રૂપિયા કમિશન મેળવ્યું હતું.

### ક્લોનિંગથી CDM ટ્રાન્સફર સુધીની સફર

ગેંગનો બીજો આરોપી ઉદય જયંતીભાઈ ધડુક (રહે., લસકાણા) સમગ્ર નેટવર્કનું સંચાલન કરતો હતો. તેણે સુરતના POS મશીનો હરિયાણા મોકલી ત્યાંથી ફ્રોડના નાણાં જમા કરાવ્યા હતા. આ નાણાં ઉપાડવાની જવાબદારી પ્રિયાંશુ વિપુલભાઈ મહેતાની હતી. પ્રિયાંશુએ મંથનના ખાતામાંથી ૨ લાખ રૂપિયા ATM દ્વારા ઉપાડીને ઉદયના કહેવા મુજબ CDM (કેશ ડિપોઝીટ મશીન) દ્વારા અલગ-અલગ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કર્યા હતા. ઉદય અને પ્રિયાંશુ બંનેએ આ કામ માટે ૨૫-૨૫ હજાર રૂપિયા કમિશન લીધું હતું.

સુરતઃ પાંડેસરાની નોવેલ્ટી સ્ટોરના નામે બોગસ દસ્તાવેજો બનાવી એક્સિસ બેંકનું POS મશીન મેળવી સાયબર ફ્રોડના નાણાંની હેરાફેરી કરવાનું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. પોલીસે ત્રણ આરોપીને પકડી પાડ્યા છે.

પાંડેસરાના હરીઓમ નગરમાં રહેતા અને જલારામ નગરમાં ‘સિદ્ધિ વિનાયક નોવેલ્ટી’ નામે વેપાર કરતા મહેશસીંગ રાજપુરોહિતની દુકાને સાયબર ક્રાઈમ પોલીસની ટીમ તપાસમાં પહોંચી હતી. પોલીસે જ્યારે તેમને એક્સિસ બેંકના POS મશીન બાબતે પૂછપરછ કરી ત્યારે ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. સાયબર ક્રાઈમ પોલીસે મંથન સુરેશભાઈ કુકડીયા વિરુદ્ધ ગુનો નોંધી મંથન સહિત ત્રણ આરોપીને પકડી પાડ્યા છે.

# દોઢ જ મહિનામાં ડુમસ સી ફેસની લાઈટોના વાયરિંગ નીકળી ગયા!

**અનેક** જગ્યાએ વાયરિંગ ખુલ્લું, પ્લાસ્ટિકના કવર પણ તૂટી ગયા છે

**ઇન્સ્ટોલેશનના** માત્ર દોઢ મહિનાના ટૂંકા ગાળામાં જ લાઈટોના બેહાલથી પર્યટકોમાં રોષ



આ ઘટનાનો વિડિયો જોવા QR કોડ સ્કેન કરો

સુરતઃ સુરતના પ્રખ્યાત પર્યટન સ્થળ ડુમસ સી-ફેસ પર થોડા સમય પહેલા જ કરોડોના ખર્ચે લગાવવામાં આવેલી ડેકોરેટિવ લાઈટોના વાયરિંગ નીકળી ગયેલા જોવા મળી રહ્યાં છે. ઈન્સ્ટોલેશનના માત્ર દોઢ મહિનાના ટૂંકા ગાળામાં જ આ લાઈટોના બેહાલ થઈ જતાં પર્યટકોમાં રોષની લાગણી જોવા મળી રહી છે.

તંત્ર દ્વારા જ્યારે આ પ્રોજેક્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું, ત્યારે મોટા ઉપાડે જાહેરાત કરવામાં આવી હતી કે ડુમસ હવે રાત્રિના સમયે પણ ઝળહળી ઉઠશે અને પ્રવાસીઓને આકર્ષશે. પરંતુ, વાસ્તવિકતા કંઈક અલગ જ છે. અનેક જગ્યાએ વાયરિંગ ખુલ્લું પડી ગયું છે અને પ્લાસ્ટિકના કવર તૂટી ગયા છે, જે અકસ્માતને પણ નોંતરે તેમ છે.

સ્થાનિક રહીશો અને જાગૃત નાગરિકોનો આક્ષેપ છે કે કામમાં હલકી કક્ષાની સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. દરિયાકિનારાના વાતાવરણમાં ક્ષારનું પ્રમાણ વધુ હોય છે, જેથી ત્યાં લગાવવામાં આવતા સાધનો અને લાઈટિંગમાં ખાસ કાળજી અને સારી ગુણવત્તાની પ્રોડક્ટ્સ વાપરવી અનિવાર્ય હતી. માત્ર બે મહિનાથી ઓછા સમયમાં લાઈટોના હાલ બેહાલ થઈ જવા તે સ્પષ્ટપણે ભ્રષ્ટાચાર અથવા તો કોન્ટ્રાક્ટરની બેદરકારી તરફ આંગળી ચીંધે છે.

પ્રજાના ટેક્સના પૈસાનો આ રીતે વ્યય થવો એ શહેર માટે દુર્ભાગ્યપૂર્ણ છે. હાલમાં સાંજના સમયે ફરવા આવતા પ્રવાસીઓ અંધારાને કારણે ભારે હાલાકી ભોગવી રહ્યા છે. અંધારાને કારણે અસામાજિક તત્વોનો પણ ભય રહે છે. લોકોની માંગ છે કે તંત્ર તાત્કાલિક ધોરણે આ મામલે તપાસ કરે, જવાબદાર એજન્સી સામે કડક પગલાં લે અને લાઈટોનું સમારકામ યુદ્ધના ધોરણે પૂર્ણ કરાવે.

# ભુવનેશ્વરથી સુરત સહિત સાત નવા રૂટને મંજૂરી

**ઓડિશા** સરકારે ઉડાનમાં રૂટ મંજૂર કર્યા, સ્ટાર એર સંચાલનની શક્યતા

સુરતઃ ઓડિશા સરકારે 7 નવા સબસિડીવાળા ફ્લાઈટ રૂટને મંજૂરી આપી છે. પ્રસ્તાવિત રૂટમાં ભુવનેશ્વરથી સુરત અને સુરતથી ભુવનેશ્વર રૂટનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રસ્તાવિત રૂટમાં ભુવનેશ્વરથી તિરુપતિ, શિરડી, સુરત અને ભોપાલ અને ઝારસુગુડાથી અમદાવાદ, પુણે અને જયપુર સુધીની ફ્લાઈટ્સનો સમાવેશ થાય છે. આ ફ્લાઈટ સ્ટાર એર દ્વારા સંચાલિત થવાની સંભાવના છે. ગુજરાત સરકારે પણ આ મુદ્દે ધ્યાન આપવું જોઈએ.

### શું ગુજરાત સરકાર પણ સુરત માટે આવું સબસિડી આધારિત મોડેલ અપનાવશે?

સુરતના ફ્રિક્વન્ટ ફ્લાયર્સ અને ઉદ્યોગ જગતના લોકોનું માનવું છે કે જો રાજ્ય સરકાર એરલાઇન્સને પ્રોત્સાહન આપશે તો સુરતથી અનેક નવા ડોમેસ્ટિક અને ઇન્ટરનેશનલ રૂટ્સ શરૂ થઈ શકે. સુરતના મુસાફરોનું કહેવું છે કે, “જો ઓડિશા જેવી રાજ્ય સરકાર પોતાનાં શહેરોને કનેક્ટ કરવા માટે સબસિડી આપી શકે છે, તો સુરત જેવા આર્થિક રીતે મજબૂત શહેર માટે ગુજરાત સરકારે વધુ સક્રિય પગલાં લેવા જોઈએ.” ઓડિશાના આ નિર્ણયથી એક બાબત સ્પષ્ટ બની છે કે, હવાઈ કનેક્ટિવિટી વધારવા માટે સરકારની નીતિ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. હવે જોવાનું રહ્યું કે ગુજરાત સરકાર સુરત માટે આવી જ કોઈ પ્રગતિશીલ યોજના લાવે છે કે નહીં.

## સંક્ષિપ્ત સમાચાર

### જીવનભારતી મંડળ દ્વારા ‘વિશ્વ પુસ્તક દિન’એ વિશેષ કાર્યક્રમ

સુતઃ શહેરની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા જીવનભારતી મંડળ સંચાલિત ડો. ચંપકલાલ ઝવેરચંદ શાહ ગ્રંથાલય અને પ્રકલ્પ સંસાધન કેન્દ્ર દ્વારા આગામી ૨૩મી એપ્રિલ, ગુરુવારના રોજ ‘વિશ્વ પુસ્તક દિન’ ની અનોખી ઉજવણી કરવામાં આવશે. આજના ડિજિટલ યુગમાં જ્યારે નવી પેઢી પુસ્તકોથી દૂર થઈ રહી છે, ત્યારે તેમને ફરી વાંચન તરફ વાળવા માટે ‘પુસ્તક બોલે છે’ શીર્ષક હેઠળ એક વિશેષ ‘પુસ્તક પરિચય’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. પુસ્તકો એ જ્ઞાનનો ભંડાર છે અને વાચનનો સાચો આનંદ નવી પેઢી સુધી પહોંચાડવામાં શિક્ષકો અને વાલીઓની ભૂમિકા અત્યંત મહત્વની છે. આ ઉમદા હેતુને ધ્યાનમાં રાખીને સંસ્થા દ્વારા આ કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં વિવિધ વિષયોના ઉત્તમ પુસ્તકોનો પરિચય તા.૨૩ એપ્રિલ, ગુરુવાર સવારે ૯:૩૦ કલાકે રોટરી હોલ માં રાખવામાં આવેલ છે. જેમાં રસ ધરાવનાર પુસ્તક પ્રેમીઓને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

### ભગવાન મહાવીર યુનિ. અને HCL GUVI વચ્ચે MoU



સુરતઃ સુરતની ભગવાન મહાવીર યુનિવર્સિટીએ HCL GUVI સાથે MoU કરીને ઉદ્યોગ સંકલિત શિક્ષણ તરફ મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે. આ સહયોગ હેઠળ એન્જિનિયરિંગ, કમ્પ્યુટર એપ્લિકેશન, સાયન્સ, કોમર્સ અને મેનેજમેન્ટ ક્ષેત્રોમાં AI, ડેટા સાયન્સ, સાયબર સિક્યુરિટી જેવા આધુનિક વિષયો સાથે હેન્ડ્સ-ઓન લર્નિંગ અને ઇન્ડસ્ટ્રી પ્રોજેક્ટ્સ પર ભાર મૂકવામાં આવશે. આ પહેલ વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ કુશળતાઓ અને વધુ કારકિર્દી અવસરો પૂરા પાડશે.

### માત્ર શિક્ષણના કારણે સંસ્કારોનાં સૂપડાં સાફ થઈ રહ્યાં છેઃ પદ્મદર્શનસૂરિજી મહારાજ

મુંબઈઃ મુંબઈ કાંદિવલી (વેસ્ટ)ના શ્રી દેવનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘના આરાધના ભવનમાં જૈનાચાર્ય પૂ. પદ્મદર્શનસૂરિજી મહારાજે અમૃતવાણી વહાવતા જણાવ્યું હતું કે, અત્યારે સંબંધોનું માધુર્ય ખતમ થવા માંડ્યુ છે. જ્યારથી વીડીયો કોલીંગ શરુ થયું છે ત્યારથી હવે કોઈ-કોઈના ઘરે જવા તૈયાર નથી. હવે તો હાય અને હલ્લોથી જ સંબંધો ચાલી રહ્યા છે અને બાયમાં સંબંધો પૂર્ણ થાય છે. અત્યારે કોઈ કોઈને મળવા અને એકબીજામાં ભળવા તૈયાર નથી. દરેક પોતાના જુદા ચોકા લઈને બેઠા છે. માત્ર શિક્ષણના કારણે સંસ્કારોના સુપડાં સાફ થઈ રહ્યાં છે. પૂર્વના માતા-પિતાઓ સંતાનોના સંસ્કારોના વિરાસતની ચિંતા કરતા હતા. અત્યારે સંસ્કારોના નામે કાળો કૂચડો ફેરવાઈ ગયો છે. સામ્પ્રત સમયનું શિક્ષણ ડિગ્રી, દિકરી અને ભાખરીલક્ષી બન્યું છે.

### કતારગામની બાલાશ્રમની શાળામાં ઇનામ વિતરણ સમારોહ યોજાયો



સુરત : સુરતના કતારગામ વિસ્તારમાં આવેલી એસ. એચ. લોખંડવાળા પ્રાથમિક શાળામાં તા. 16-04-2026 ને ગુરૂવારના રોજ વાર્ષિક ઇનામ વિતરણ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંજયભાઈ જાદવ અને સુપરવાઈઝર નિધિબહેન ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ શાળાની વિવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કરાયો હતો. આ વાર્ષિક ઉત્સવ દરમિયાન વર્ષ દરમિયાન યોજાયેલી રમતગમતની વિવિધ સ્પર્ધાઓ અને સહ-અભ્યાસ પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત મહેમાનોએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, અભ્યાસની સાથે રમતગમત અને અન્ય પ્રવૃત્તિઓ પણ જીવનમાં ખૂબ જ જરૂરી છે. શાળા પરિવાર દ્વારા તમામ વિજેતાઓને બિરદાવવામાં આવ્યા હતા અને અંતમાં આભારવિધિ સાથે કાર્યક્રમનું સફળતાપૂર્વક સમાપન થયું હતું.

### સાઉથ ગુજરાત એન્જિનિયરિંગ વર્કર્સ યુનિયનની 29મી વાર્ષિક સભા યોજાઈ



સુરતઃ સુરત ખાતે સેન્ટ્રલ ટ્રેડ યુનિયન (આઈટુક) સાથે સંલગ્ન સાઉથ ગુજરાત એન્જિનિયરિંગ એન્ડ જનરલ વર્કર્સ યુનિયન (લાલ વાવટા) ની 29મી વાર્ષિક સામાન્ય સભા યોજાઈ હતી. લાલ વાવટા યુનિયનની કચેરી ખાતે યોજાયેલી આ સભામાં નવસારી મહાનગરપાલિકા, ઓલપાડ ગ્રામ પંચાયત, સુરત ટેક્સટાઇલ માર્કેટ તથા કાપડ ઉદ્યોગના કામદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સભામાં યુનિયનની વિવિધ પ્રવૃત્તિઓ અંગે માહિતી આપવામાં આવી અને વર્ષ-2025ના હિસાબોને મંજૂરી આપવામાં આવી હતી. સાથે જ વર્ષ 2026-27 માટે નવા હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી હતી. પ્રમુખ તરીકે એડ્વોકેટ વિજય શેણમારે, ઉપપ્રમુખ તરીકે ચેતન રાઠોડ, મહામંત્રી તરીકે મહેશ પટેલ તથા અન્ય પદાધિકારીઓની પસંદગી કરવામાં આવી હતી. આ પ્રસંગે કેન્દ્ર અને રાજ્ય સરકારની કામદાર વિરોધી નીતિઓ તેમજ નવા લેબર કોડનો વિરોધ પણ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### પંચમ્ ગ્રુપ દ્વારા રવિવારે જીતેન્દ્ર અને બબિતાનાં ફિલ્મી ગીતોની સ્પર્ધા

સુરતઃ ‘ગા મેરે મન ગા’ શ્રેણી અંતર્ગત પંચમ્ ગ્રુપ ઓફ મ્યુઝિક દ્વારા અભિનેતા જીતેન્દ્ર અને અભિનેત્રી બબિતાના ફિલ્મી ગીતોની સ્પર્ધાનો જાહેર કાર્યક્રમ આગામી રવિવાર તા.૨૬મી એપ્રિલ ના બપોરે ૪થી૮ કલરવ સ્ટુડિયો ૧૦૨ ટાઇમ સ્ક્વેર મારુતિ ટ્રુ વેલ્યુની સામે ગૌરવપથ પાલ સુરત રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમ માણવા માટે કોઈ પ્રવેશ ફી નથી. સંગીત રસીકોને કાર્યક્રમો માણવા જણાવાયું છે.

### તેરાપંથ ભવન ખાતે ભક્તિમય માહોલમાં 60 તપસ્વીઓના વર્ષીતપના પારણા




સુરતઃ જૈન ધર્મના પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવની કઠિન સાધના ની સ્મૃતિમાં ઉજવાતા અક્ષય તૃતીયાના પર્વે સુરતમાં આસ્થાનો ત્રિવેણી સંગમ રચાયો હતો. સિટીલાઇટ સ્થિત તેરાપંથ ભવન ખાતે મુનિ ડો. મદનકુમારજી, શાસન સાધ્વી મધુબાલાજી અને સાધ્વી ડો. પરમયશાજીના પાવન સાનિધ્યમાં 60 ભાઈ-બહેનોએ હર્ષોલ્લાસ સાથે વર્ષીતપના પારણા કર્યા હતા. આ પ્રસંગે મુનિશ્રીએ જણાવ્યું હતું કે, તપસ્યા આત્માને કંચન જેવી શુદ્ધ બનાવી કર્મોનો ક્ષય કરે છે. સાધ્વી પરમયશાજીએ સાદગીપૂર્ણ પારણાનો સંદેશ આપતા સાધ્વી કુમુદપ્રભાજીના ત્રીજા વર્ષીતપની સિદ્ધિને બિરદાવી હતી. તેરાપંથ સભાના પ્રમુખ હજારીમલજી ભોગરે સ્વાગત પ્રવચન કર્યું હતું. અંતમાં, તમામ તપસ્વીઓએ શ્રદ્ધાપૂર્વક ઇક્ષુરસ (શેરડીનો રસ) ગ્રહણ કરી 13 મહિનાની લાંબી તપસ્યાનું સમાપન કર્યું હતું. આ અવસરે વિવિધ જૈન સંગઠનોના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં શ્રાવકો ઉપસ્થિત રહ્યા હતા.